# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-06-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Friday** **National News**

**આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.**

*************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી G-7 સમિટમાં વિશ્વનાં નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરશે.
- ✓ કુવૈતમાં વિનાશક આગમાં મૃત્યુ પામેલા 45 નાગરિકોનાં પાર્થિવ દેહને વિશેષ વિમાન દ્વારા ભારત પરત લવાયા..
- ✓ 26મી જૂને લોકસભાના અધ્યક્ષની ચૂંટણી યોજાશે.
- ✓ કોંગોમાં હૂમલામાં ઓછામાં ઓછા 42 વ્યક્તિનાં મૃત્યુ..
- ✓ સિંગાપોર રાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં ભારતની લિકિથ એસપી અને ધિનિધી દેશિંગુએ કાંસ્ય ચંદ્રક જીત્યા..

*******************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV. PM -BILATERAL MEETINGS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે G7 સમિટની સાથે વિશ્વના નેતાઓ સાથે શ્રેણીબદ્ધ દ્વિપક્ષીય બેઠકો કરશે.

સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે વિશ્વના નેતાઓ સાથે શ્રી મોદીની મુલાકાત વિષે વિગતો આપી હતી, જે મુજબ શ્રી મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોં, બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનક, જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ, ઇટલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની, જાપાનના પ્રધાનમંત્રી ફ્યુમિયો કિશિદા અને યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદિમિર ઝેલેન્સકી સાથે દ્વિપક્ષીય બેઠકો કરવાના છે. સતત ત્રીજી વખત સત્તા સંભાળ્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આ પ્રથમ વિદેશ યાત્રા છે..

## KUWAIT FIRE UPDATE

કુવૈતમાં વિનાશક આગમાં મૃત્યુ પામેલા 45 નાગરિકોના પાર્થિવ દેહને આજે એક વિશેષ વિમાન દ્વારા ભારત પરત લવાયા.

કુવૈતમાં ભારતીય દૂતાવાસે એક નિવેદનમાં જણાવ્યું છે કે, વિશેષ વિમાન આજે સવારે કોચીન આંતરરાષ્ટ્રીય હવાઈમથકે પહોંચ્યું હતું. મોટાભાગના મૃતકો કેરળના 23, ત્યારબાદ તામિલનાડુના સાત, આંધ્રપ્રદેશ અને ઉત્તરપ્રદેશના ત્રણ-ત્રણ, ઓડિશાના બે અને બિહાર, પંજાબ, કર્ણાટક, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને હરિયાણાના એક-એક વ્યક્તિ છે.

# SPEAKER ELECTION

લોકસભા અધ્યક્ષની ચૂંટણી 26મી જૂને યોજાશે. 18મી લોકસભાનું પ્રથમ સત્ર આ મહિનાની 24મી તારીખથી બોલાવવામાં આવશે. સત્ર દરમિયાન, નવા ચૂંટાયેલા સભ્યોને શપથ અને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધન કરશે. ત્યારબાદ, તેમના સંબોધન પર ચર્ચા પણ આ સત્રમાં થશે. રાજ્યસભાનું સત્ર આ મહિનાની 27મી તારીખથી શરૂ થશે. સંસદનું સત્ર આવતા મહિનાની 3 તારીખે પૂર્ણ થશે.

# RAJASTHAN VICE PRESIDENT VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને તેમના પત્ની રાજસ્થાનની બે દિવસીય મુલાકાતે છે. આજે જેસલમેરમાં સીમા સુરક્ષા દળની 154મી બટાલિયનના કાર્યક્રમમાં હાજરી આપશે.  ગઇકાલે તેઓ રાજસ્થાનના જેસલમેર પહોંચ્યા હતા.

સંસદીય બાબતોના રાજ્યમંત્રી જોગારામ પટેલ અને જેસલમેર મહાનગરપાલિકા પરિષદના અધ્યક્ષે શ્રી ધનખડનું એરપોર્ટ પર સ્વાગત કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિએ પ્રસિદ્ધ તનોટ માતા મંદિરની મુલાકાત લીધી હતી અને પ્રાર્થના કરી હતી. તેમણે શહીદ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી..

# SIKKIM CM RESIGNS

સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગે ચૂંટણીના નિયમો અનુસાર સોરેંગ-ચકુંગ મતવિસ્તારમાંથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે.

તાજેતરની ચૂંટણી દરમિયાન બે મતવિસ્તારોમાં જીત મેળવ્યા બાદ શ્રી તમાંગે આ નિર્ણય લીધો છે. ચૂંટણીના નિયમો મુજબ પરિણામ જાહેર થયાના 14 દિવસમાં તેનું પાલન કરવું જરૂરી હોય છે.

તેમની પાર્ટી સિક્કિમ ક્રાંતિકારી મોરચાએ લોકસભાની ચૂંટણી સાથે એકસાથે યોજાયેલી ચૂંટણીમાં 32 વિધાનસભા બેઠકોમાંથી 31 બેઠકો જીતી હતી. તેઓ રેનોક અને સોરેંગ-ચાકુંગ બંને મતક્ષેત્રો પરથી જીત્યા.

મુખ્યમંત્રી તમંગે આજે એક સત્તાવાર નિવેદનમાં સિક્કિમના લોકો અને ખાસ કરીને સોરેંગ-ચાકુંગ અને રેનોક મતવિસ્તારના લોકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## CONGO ATTACK

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના પૂર્વ વિસ્તારમાં થયેલા હુમલામાં ઓછામાં ઓછા 42 લોકો માર્યા ગયા છે.. પૂર્વી ઉત્તર કિવુ પ્રાંતમાં લુબેરો પ્રદેશમાં માયકેન્ગો ગામ પર બુધવારે હુમલો થયો હતો. પ્રારંભિક મૃત્યુઆંક 25 હતો. પરંતુ હવે તે વધીને 42 પર પહોંચી ગયો છે..

અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલાખોરોએ રહેવાસીઓને એક મીટિંગ માટે બજારમાં એકઠા થવાનું કહ્યું હતું અને એકઠા થયેલી ભીડ પર હુમલો કર્યો હતો.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

# MUMBAI ED RAID

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગઈકાલે એક ઓનલાઈન એપના કાર્યાલયો પર દરોડા પાડ્યા હતા.. કથિત રીતે આઈપીએલ મેચોના ગેરકાયદે પ્રસારણ અને લોકસભાની ચૂંટણી તેમજ મેચ  પર સટ્ટાબાજી સહિતની પ્રવૃત્તિઓમાં સામેલગીરીના આધારે આ દરોડા પાડવામાં આવ્યાં હતાં.. મુંબઈમાં કેટલાક એન્ટ્રી ઓપરેટરોને ત્યાં પણ શોધ હાથ ધરવામાં આવી હતી...

ED અનુસાર, એજન્સીએ લગભગ 8 કરોડ રૂપિયાની રોકડ, બેંક ફંડની વિગતો, ડીમેટ એકાઉન્ટ અને લક્ઝરી ઘડિયાળો જપ્ત કરી છે. અન્ય ગુનાહિત દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો પણ જપ્ત કરવામાં આવ્યા છે.

આ સંબંધમાં આઇપીએલના સત્તાવાર પ્રસારણકર્તા વાયકોમ 18 મીડિયા દ્વારા કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

# SWIMMING-BRONZE

સ્વિમિંગમાં સિંગાપોર રાષ્ટ્રીય તરણ સ્પર્ધા 2024માં ભારતની લિકિથ એસપી અને ધિનિધિ દેશિંગુએ બે કાંસ્ય ચંદ્રક જીત્યા છે. સ્વિમર, લિકિથે પુરુષોની 100 મીટર બ્રેસ્ટ સ્ટ્રોકમાં 1 મિનિટ અને 2 સેકન્ડના સમય સાથે કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે જ્યારે ધિનિધિ દેશિંગુએ મહિલાઓની 200 મીટર ફ્રી સ્ટાઇલ ઇવેન્ટમાં 2 મિનિટ 5 સેકન્ડમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે..

# T-20 WORLD CUP

ICC પુરુષ T20 વિશ્વકપ ક્રિકેટમાં, અફઘાનિસ્તાને આજે સવારે ત્રિનિદાદના બ્રાયન લારા સ્ટેડિયમમાં પાપુઆ ન્યૂ ગિનીને 7 વિકેટે હરાવ્યું હતું.. અફઘાનિસ્તાનને 96 રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો.

જે અફઘાનિસ્તાને 15.1 ઓવરમાં 3 વિકેટે 101 રન બનાવી લીધો હતો. ગુલબદ્દીન નાયબે અણનમ 49 રન બનાવ્યા હતા. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પાપુઆ ન્યુ ગિનીની ટીમ 19.5 ઓવરમાં 95 રનના નજીવા સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી. અફઘાનિસ્તાનના  ફઝલહક ફારૂકીએ ત્રણ વિકેટ ઝડપી હતી જ્યારે નવીન-ઉલ-હકે બે વિકેટ લીધી હતી. ફારૂકીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આ જીત સાથે, અફઘાનિસ્તાને સુપર 8માં સ્થાન મેળવ્યું હતું..

હવે ફ્લોરિડામાં ગ્રુપ Aમાં યુનાઇટેડ સ્ટેટ્સ આયરલેન્ડ સાથે ટકરાશે. એક જીત અમેરિકાને સુપર 8 માં પ્રવેશ અપાવે તેમ છે., જો યુએસએ જીત મેળવશે તો  પાકિસ્તાનની આગલા રાઉન્ડમાં જવાની આશા

પર પાણી ફરી વળશે.. ગ્રુપ એમાં ભારત પ્રથમ, યુએસએ બીજા સ્થાને છે, જ્યારે પાકિસ્તાન ત્રીજા સ્થાને છે.

અગાઉની મેચમાં ઈંગ્લેન્ડે સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં ઓમાનને આઠ વિકેટે હરાવ્યું હતું, જ્યારે બાંગ્લાદેશે ગઈકાલે રાત્રે કિંગ્સટાઉનના સેન્ટ વિન્સેન્ટમાં નેધરલેન્ડને 25 રનથી હરાવ્યું હતું.

# PM-YOGA DAY

21મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની 10મી આવૃત્તિ પહેલા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સામાજિક માધ્યમ X પર ત્રિકોણાસનનો એક વીડિયો પોસ્ટ કર્યો છે. વિડિયોમાં સ્વાસ્થ્ય લાભ માટે આ આસન વિશે માહિતી આપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ ખભા, પીઠ અને એકાગ્રતા સુધારવા માટે ત્રિકોણાસનનો અભ્યાસ કરવાની સલાહ આપી હતી.

# HAJ PILGRIMAGE

આજથી પાંચ દિવસીય હજ યાત્રાનો પ્રારંભ થયો છે. જેમાં વિશ્વભરમાંથી આશરે 20 લાખ હજયાત્રીઓ સાઉદી અરેબિયાના મીનામાં એકત્ર થઈ રહ્યા છે.

ભારતમાંથી દર વર્ષે 1 લાખ 75 હજારથી વધુ હજયાત્રીઓ હજ યાત્રામાં ભાગ લે છે. તેમાંથી એક લાખ 40 હજાર 20 હજયાત્રીઓ હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા ત્યાં પહોંચ્યા છે.

ભારતીય યાત્રાળુઓને ‘હજ સુવિધા’ મોબાઈલ એપ દ્વારા સુવિધા આપવામાં આવી રહી છે.

# GOVT-WHEATPRICE

સરકારે કહ્યું છે કે તે ઘઉંના બજાર ભાવ પર ચાંપતી નજર રાખી રહી છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે અસામાજીક તત્વો દ્વારા સંગ્રહખોરી અટકાવવા અને ઘઉંના બજાર ભાવમાં સ્થિરતા જાળવવા માટે યોગ્ય પગલાં લેવામાં આવશે.

મંત્રાલયે કહ્યું છે કે ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે 2024માં રવિ પાકોની ઋતુ દરમિયાન 112 મિલિયન મેટ્રિક ટન ઘઉંનું ઉત્પાદન નોંધ્યું છે. ભારતીય ખાદ્ય નિગમે આ મહિનાની 11 તારીખ સુધીમાં આશરે 266 લાખ મેટ્રિક ટન ઘઉંની ખરીદી કરી છે. મંત્રાલયે ઉમેર્યું હતું કે, સાર્વજનિક વિતરણ પ્રણાલી અને અન્ય કલ્યાણ યોજનાઓની જરૂરિયાતને પૂર્ણ કર્યા પછી ઘઉંનો પૂરતો જથ્થો બજારમાં ઉપલબ્ધ થશે..

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે દેશના ઉત્તર પશ્ચિમ, ઉત્તર અને પૂર્વીય ભાગોમાં હીટવેવની સ્થિતિ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. હવામાન વિભાગે કહ્યું કે આગામી ત્રણથી ચાર દિવસ સુધી પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ અને ઓડિશાના ભાગોમાં હીટવેવથી ગંભીર હીટવેવની સ્થિતિ પ્રવર્તશે. હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. આર.કે. જેનામણીએ જણાવ્યું હતું કે આગામી

દિવસોમાં આ રાજ્યોમાં સરેરાશ તાપમાન 5 થી 6 ડિગ્રી સેલ્સિયસ વધવાની ધારણા છે.

હવામાન વિભાગે એવી પણ આગાહી કરી છે કે આગામી 3-4 દિવસ દરમિયાન હિમાલયન, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઉત્તરપૂર્વ ભારતમાં અલગ-અલગ વિસ્તારમાં ભારેથી અતિ ભારે વરસાદ ચાલુ પડવાની સંભાવના છે. આગામી 2-3 દિવસ દરમિયાન મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ અને ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડીના કેટલાક વધુ ભાગોમાં ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ અનુકૂળ છે. દરમિયાન, દિલ્હીમાં, વાદળછાયું વાતાવરણ રહે તેવી સંભાવના છે.